હરિ ૐ આશ્રમ પ્રેરિત

# ગપ્પાંગાડી



સુધીર દેસાઈ

ગુજરાતી સાહિત્ય પરિષદ
અમદાવાદ

હરિ ૐ આશ્રમ-પ્રેરિત

શ્રી નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા : પુસ્તક અઠ્ઠાવીસમું

# ગપ્પાંગાડી

સુધીર દેસાઈ

ગુજરાતી સાહિત્ય પરિષદ : અમદાવાદ

'Gappa-Gadi' - a collection of children poems
by Sudhir Desai, 1981

□

પ્રથમ આવૃત્તિ : ૧૯૮૧ ] © સુધીર દેસાઈ [ પ્રત : ૧૨૫૦

●

કિંમત રૂા. ૨-૨૫

●

આવરણ : રજની વ્યાસ

□

: પ્રકાશક :
રઘુવીર ચૌધરી
મંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯

□

: મુદ્રક :
કાન્તિભાઈ મ. મિસ્ત્રી
આદિત્ય મુદ્રણાલય, રાયખડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

૨૮



ચિ. ધ્વનિને

આ

ગરપાં ગાડી

## આભાર

* શ્રી. ગિજુભાઈ બધેકા ને દક્ષિણામૂર્તિ કાર્યાલયનો,
* શ્રી. કિશોરભાઈ ગાંધી ને 'રમકડું'નો,
* શ્રી. ઉમાશશિ દેસાઈ ને જન્મભૂમિનાં 'બાલજગત'નો,
* આકાશવાણી, દૂરદર્શન ને એવા કલાકારોનો,
* શ્રી. પ્રવીણચંદ્ર ધુ. ગાંધીનો
* શ્રી. રઘુવીર ચૌધરી ને ગુજરાતી સાહિત્ય પરિષદનો.

— સુધીર દેસાઈ

# શ્રી નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા

## અઠ્ઠાવીસમું પ્રકાશન

શ્રી હરિ ૐ આશ્રમ તરફથી બાળકોનું ચારિત્ર્યઘડતર કરે તેવાં બાલસાહિત્ય સર્જન માટે ગુજરાતી સાહિત્ય પરિષદને રૂ. ૧૨૦૦૦નું દાન આપવામાં આવ્યું હતું. આનો હેતુ બાળકોમાં અભય, ઔદાર્ય, ત્યાગ, ધર્મ, તિતિક્ષા, સહાયવૃત્તિ, મર્યાતરક્ષમા, સાહસ, શૌર્ય, પ્રેમ, સદ્‌ભાવ જેવા ઉદાત્ત ગુણો અને ભાવનાઓ પ્રેરે તેવાં બાલસાહિત્યનું સર્જન કરવાનો રાખવામાં આવ્યો. આ ઉદ્દેશને પ્રગટ કરતાં ચરિત્રો, વાર્તાઓ અને કથાકાવ્યો ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યાં છે. આંતરરાષ્ટ્રીય બાળવર્ષ નિમિત્તે આઠ જેટલાં પુસ્તકો પ્રગટ કર્યાં. આજે આ ગ્રંથમાળાનું અઠ્ઠાવીસમું પુસ્તક પ્રસિદ્ધ થઈ રહ્યું છે. શ્રી સુધીર દેસાઈનાં બાળકાવ્યનો સંગ્રહ 'ગપ્પાંગાડી' બાળકો જરૂર હોંશે હોંશે વાંચશે.

ગુજરાતનાં બાળકોએ અગાઉ જે રીતે અમારાં પ્રકાશનોને આનંદથી સ્વીકાર્યાં છે, તે રીતે આ બાળકાવ્યોના સંગ્રહને સ્વીકારશે તેવી અમને શ્રદ્ધા છે.

મંત્રીઓ

તા. ૨૦-૩-૧૯૮૧ ગુજરાતી સાહિત્ય પરિષદ

□

# અનુક્રમણિકા


ચાલો વનમાં | ૧
વાઘ, સિંહ ને ચિત્તો | ૨
રમતનું ગીત | ૩
બગલું | ૪
સૂરજદાદો | ૬
ચીબું તારું નાક | ૭
આરબ | ૮
તડકો પડે છે ધોધમાર | ૯
વીંછી વીંછી બાપરે! | ૧૧
પરપોટા | ૧૨
હાથમાં લાકડી માથે ટોપી | ૧૩
સવારના ધોધમાં | ૧૫
લેફ્ટ રાઈટ લેફ્ટ રાઈટ | ૧૬
રોકેટમાં | ૧૮
બરફી પેંડા | ૧૯
ગપ્પાંગાડી | ૨૦
મારો ફોટો | ૨૨
તડકો | ૨૩
વિચાર | ૨૪
દાદાજી ને દાદીમા | ૨૬
ચકલી મારે ચાંચો | ૨૮
ફોરમ | ૩૦
ઈકડમ તિકડમ | ૩૧
દીંટાં દીંટાં ફેંકી દો | ૩૩
મારી ગાડી | ૩૪

# ચાલો વનમાં

ચાલો વનમાં જઈએ...
રંગબેરંગી ફૂલો સાથે હળવા મળવા જઈએ....

પેલાં પીળાં આવળનાં ત્યાં
ફૂલ જુઓ ઉભરાતાં,
કૂકડાની કલગી શા ઊંચે
કેસુડાં હરખાતાં.
ડુંગર, કેડી, નદી, તળાવો ચાલો ઘૂમવા જઈએ...

પતંગિયાંની પલટન પેલી
ફૂલો પર ચકરાતી;
હરણાં ને સસલાંમાં પેલી
ખિસકોલી અટવાતી.
તેતર, મેના, કોયલ સાથે વાતો કરવા જઈએ....

માછલીઓ ને બગલાઓશું
સંતાકૂકડી રમશું;
હૂપાહૂપ ને ખિખિયાટાઓ
બંદર સાથે કરશું.
બુઢ્ઢા વડની વડવાઈઓ પર ચાલો રમવા જઈએ...
ચાલો વનમાં જઈએ...

તા. ૧૦-૨-'૭૭

□

# વાઘ, સિંહ ને ચિત્તો

વાઘ, સિંહ ને ચિત્તો;
કેવો એનો પિત્તો.
સૌ એનાથી ડર્યા કરે;
બીકના માર્યા મર્યા કરે.

કેવી મોટી એની ત્રાડ!
ગર્જી ઊઠે પ્હાડે પ્હાડ.
પ્હાડમાં થઈ દોડે ઝરણું;
એને કાંઠે રમતું હરણું.

એના માથે શિંગ છે;
લોકો જોતાં દિંગ છે
કુણું કુણું ચરે ઘાસ;
ચિત્તાનો છે ભારે ત્રાસ.

ચિત્તો ડરે વાઘથી;
વાઘ પણ મરે નાગથી.
નાગનો દુશ્મન નોળિયો;
કરતો એનો કોળિયો.

કોળિયા માટે લડતા સહુ;
ક્યારે કોઈનું ઝૂંટવી લઉં.
સહુની અહીંયાં એક જ નેમ;
જીવવું છે, પણ જીવવું કેમ?

તા. ૨૮-૧૨-'૭૧

□

# રમતનું ગીત

કોઈ ગીત રમતનું લાવો....
સંતાકૂકડી, પકડાપકડી, એ એનું સંભળાવો...

આંબલી પીપળી, ચોર પોલિસ ને
સાપની બાજી રમશું;
ઢગલાની બાજી, ગુલામચોર ને,
આટાપાટે ભમશું.

સૌને ગાતાં મઝા પડે એવું કંઈ ગવડાવો...
ઢીંગલા ઢીંગલી ભમરડા ને
લખોટીઓ ના રમવી;
બાલબૅટ ને વોલીબૉલ
ટેનિસની વાતો કરવી.
સાત ઠીકરી, અંતકડી કે ગીલ્લીદંડા ચાવો...
કોઈ ગીત રમતનું લાવો....

તા. ૬-૫-'૭૭

□

## બગલું

ડબ્બા ડબ્બી ડબલું;
ધોળું ધોળું બગલું.
લાંબી એની ચાંચ;
ધોળી એની પાંખ.
એક પગે ઊભું રહે;
કોઈ એને ઋષિ કહે.
ગયા જનમમાં ઋષિ;
માછલી મળે તો ખુશી.

ઊભું ઊભું ધરે ધ્યાન;
માછલી કેરો પકડે કાન.
ઝપ લઈને ગળી જાય;
માછલી જો મળી જાય.
સુક્કાં સુક્કાં ડાળખાં;
સુક્કાં સુક્કાં પાંદડાં.
એનો એનો માળો;
ઊંચા ઝાડે ભાળો.

કાગડાને એવું થાય;
'એનાં ઈંડાં જો ખવાય.

મારાં બચ્ચાં ધોળાં થાય,
ધાપ મારી એ લેતાં જાય.
બગલી જોતી બેસી રહે;
ઈંડાને એ સેવી રહે.
ધોળાં ધોળાં તો એવાં;
લો, તગરનાં ફૂલ જેવાં.

એનાં બચ્ચાં ધોળાં;
લાગે કેવાં ભોળાં.
બગલા બગલીને વ્હાલાં;
'મારાં બચ્ચાં રૂપાળાં.'
નાની માછલી લાવે;
બચ્ચાંને ખવડાવે.
ધીમે ધીમે મોટાં થાય;
મોટાં થઈને ઊડી જાય.

ડબ્બા ડબ્બી ડબલું;
ધોળું ધોળું બગલું.
લાંબી એની ચાંચ;
ધોળી એની પાંખ.

તા. ૪-૮-'૭૭

□

# સૂરજદાદો

સવાર બોલે કૂકડે કૂક, કૂકડો ઊંચે જુએ...
સૂરજદાદો આવી આખું કાળું આભ ધુએ...

આભેથી તારાઓ આવી જમીન પર વરતાયા;
બોરસલી ને પારિજાત આ તગર બની પથરાયા.

ઘૂવડ પેલું ત્યાં બિચારું બખોલમાં જઈ સૂએ...
સૂરજદાદો આવી આખું કાળું આભ ધુએ...

કચ કચ કરતા ચકલા ચકલી, કોયલ ગાયે ટુહુ;
કલબલ કરતી કાબર ઝગડે, પોપટજીનું ઊંહું.

કા કા કરતા કાગાભાઈ લુચ્ચું ખંધું જુએ...
સૂરજદાદો આવી આખું કાળું આભ ધુએ...

કૂણા કૂણા તડકા મહીં આ પતંગિયાંની ટોળી,
ફૂલ ફૂલ પર બેસી એ તો મધને લેતી ખોળી.

અંધારાના દરની માટી અળસિયાંઓ ખૂએ...
સૂરજદાદો આવી આખું કાળું આભ ધુએ...

તા. ૧૬-૪-'૭૭

# ચીબું તારું નાક

ચીબું તારું નાક,
કારેલાંનું શાક.
શાક સાથે કઢી,
બાવાજીની મઢી

મઢી ઉપર ધજા,
આજે મારે રજા
રજામાં રમવાનું
જંગલમાં ભમવાનું.

જંગલમાં છે મોર,
પકડો પકડો ચોર.
ચોર અને સિપાઈ,
સિપાઈ પહેરે ટાઈ.

ટાઈ ઉપર ઉંદર,
ચોંટ્યા જાણે ગુંદર.
ગુંદરને ઉખાડો.
ચાંદો છે ઉઘાડો

ટાઢમાં એ થથરે
જાણે બેઠો પથરે.
પથ્થર ઉપર લીટા,
વાતને હવે વીંટો.

તા. ૩૦-૧૨-'૭૭

□

## આરબ

ઊંટ ઉપર જે બેઠો;
આરબ આવે હેઠો.
લાંબો એનો ડગલો;
જાણે ધોળો બગલો.

મીઠાં એનાં બધાં ખજૂર;
ઉતાવળ નહીં કરો, સબૂર

એક પીસી લેતાં જાઓ;
સૌને ઘેર કે'તાં જાઓ.

પાદર આરબ આવ્યો છે,
ખજૂર મીઠાં લાવ્યો છે.

તા. ૫-૪-'૭૬

□

# તડકો પડે છે ધોધમાર

સૂરજ ઊગ્યો ને આજ તડકો પડે છે
ભાઈ તડકો પડે છે ધોધમાર...

સૂરજમુખીની કૈં પાંદડી ખીલી છે
કાંઈ પાંદડી ખીલી છે બેશુમાર...

ભમરાની ટોળી
નીકળી પડી છે આજ;
ભોળાં પતંગિયાં
ભોળવાતાં લઈ સાથ.

ફૂલોનાં મુખડાં મલકી ઊઠે છે
જોઈ મલકી ઊઠે છે લાખવાર...

સૂરજમુખીની કૈં પાંદડી ખીલી છે
કાંઈ પાંદડી ખીલી છે બેશુમાર...

તરણાંઓ ડોલે
ન પાંદડાંઓ ડોલે;
સૂરજનાં કિરણો
કાંઈ કાંઈ બોલે.

ઝાકળમાં ઊતરીને નાચી રહ્યો છે
લો નાચી રહ્યો છે કિરતાર....

સૂરજમુખીની કૈં પાંદડી ખીલી છે
કાંઈ પાંદડી ખીલી છે બેશુમાર....

તા. ૩-૮-'૭૭

□



# વીંછી વીંછી બાપરે!

કાગળ પેન્સિલ ચોપડી;
ખૂણામાં જઈ એ પડી.
ચોપડી પાસે વીંછી;
રંગો સાથે પીંછી.

રંગોમાં તો સાત રંગ;
એ સૌનાં જુદા ઢંગ.
ઢંગ વગરનાં બાબાભાઈ;
માથામાં પણ રાખે રાઈ.

રાઈનો લોકો કરે વઘાર;
સુતાર મોચી માળી ચમાર.
ચમાર પાસે ચામડું;
નાનું અમથું ગામડું.

ગામડું તો સુંદર;
નાના મોટા ઉંદર.
ઉંદર પાસે બિલાડી;
કોણે ચોપડી બગાડી?

કાગળ પેન્સિલ કાતરે;
વીંછી વીંછી, બાપરે!

તા. ૨૬-૨-'૭૯

□

# પરપોટા

સાબુના પરપોટા...
આરપાર સૌ જોઈ શકે પણ એમાં સહુનો ફોટો...

અહીં ઊડતો ને તહીં ઊડતો
જાય બહુ ના છેટો;
ફુગ્ગા જેવો મસમોટો ને
કોઈ છે વડનો ટેટો.
અગણિત આ ડબ્બીમાં બેઠા ના કંઈ એનો તોટો...

અવકાશી તારાઓ જેવા
મારે આંગણ ઊડતા;
ફૂટી જાયે કોઈ અચાનક
અથડાઈ કો' તૂટતા.
ફસકી જાયે સૌની દુનિયા આપણા જેવો ટોટો...
સાબુના પરપોટા...

તા. ૧૯-૧૨-'૭૭

□

# હાથમાં લાકડી માથે ટોપી

હાથમાં લાકડી માથે ટોપી;
રાધાકૃષ્ણ સાથે ગોપી.
ગોપી સાથે ગાયો દોડી;
સાગરમાંથી મળતી કૉડી.

કૉડી લઈને દાણા પાડો;
દાણા જોઈને રમવા માંડો.
રમતાં રમતાં મરચાં ખાંડો;
સામે બેઠો કૂતરો બાંડો.

કૂતરાને તો દૂધ ભાવે;
ભૈયાજી અહીં દૂધ લાવે.
દૂધ પીને જાડા થવાય,
ખાવાનું બસ ખૂબ ખવાય.

ખાતાં ખાતાં ફૂટે પેટ;
દરિયા વચ્ચે મારો બેટ.
બેટ ઉપર છે મોટો પરવત;
જંગલને કાપે છે કરવત.

કરવત મુકાવા કાશી ચાલો;
પાઈ પૈસો કંઈ અમને આલો.
પૈસો લઈને પી પી ખાશું;
ટી.વી. જોઈને ઊંધી જાશું.

તા. ૨૯-૧૨-'૭૭

□



તા.

પેટ;
એટ.

## સવારના ધોધમાં

સવારના ધોધમાં ન્હાવું ગમે...
પંખીના બોલમાં ગાવું ગમે...

ઊડે છે ફૂલો આ
થઈને પતંગિયાં;
હીરે મઢેલ ફૂલો
કોણે રે રંગીયાં?
ફોરમના વહેણમાં જાવું ગમે...

સોનેરી શેરી ને
સોનેરી ઝાડ છે;
સોનેરી નદી અને
સોનેરી પ્હાડ છે.
સોનેરી સોનેરી થાવું ગમે...

તા. ૨-૮-'૭૭

□

# લેફ્ટ રાઈટ, લેફ્ટ રાઈટ

લેફ્ટ રાઈટ, લેફ્ટ રાઈટ;
આગળ વધો કરવા ફાઈટ.
દુશ્મનને બસ ઠાર કરો;
ઉપરાઉપરી વાર કરો.

ઊભી પૂંછડીએ નાસી જશે,
જો જો એની હાંસી થશે.
ડરના માર્યા આવશે નહીં;
અહીંયાં કોઈએ ફાવશે નહીં.

અહીંયાં તો છે વીર જવાન,
એની કીર્તિ છે મહાન.
ભારત મારો દેશ છે;
ગંગા એનો ખેસ છે.

દેશની રક્ષા મારી રક્ષા;
મારી રક્ષા દેશની રક્ષા.
એને કાજે દઈશું પ્રાણ;
એને કાજે સહુ કુરબાન.

મોટો થઈ જવાન થઈશ;
ભારતનો હું પ્રાણ થઈશ.
લેફ્ટ રાઈટ, લેફ્ટ રાઈટ.
લેફ્ટ રાઈટ, લેફ્ટ રાઈટ.

તા. ૨૬-૮-'૭૭.

□

# રોકેટમાં

જોવો છે ચાંદો ને જાવું છે તારે...
રોકેટમાં બેસીને ઊડવું છે મારે...

સપનાની દુનિયામાં
ચાંદાને અડક્યો;
પકડાપકડી મહીં
તારાને પકડ્યો.

સોનેરી સૂરજની ઊભવું છે ધારે...
રોકેટમાં બેસીને ઊડવું છે મારે...

પરીઓએ દીધા'તા
રમવાને તારા;
ખોળી કાઢીશ આમાં
કયા છે મારા.

ડબ્બીમાં એમને હું પૂરીશ સવારે...
રોકેટમાં બેસીને ઊડવું છે મારે...

તા. ૧૭-૧-'૭૮

□

# બરફી પેંડા

પાટલો ને પાટલી;
કોણે ફોડી માટલી.
માટલીમાં ધાણાં;
દડી પડયાં ત્યાં દાણા.

દાણાં દાણાં વીણી લ્યો;
રાઈને જરા ઝીણી ઘો.
રાઈ ચડી છે નાકમાં;
કોનાં છોકરાં ધાકમાં?

ધાકમાં તો ધાણી ફૂટે; બાબાભાઈની પાટી ફૂટે,
પાટીપેન કોઈ લાવે નહીં; ભણવાનું કંઈ ભાવે નહીં.

બરફી પેંડા લાડુ પૂરી;
વિદ્યા રાખો ન અધૂરી.
ભણે ગણે તે ખાજા ખાય;
ભણે ગણે તે રાજા થાય.

બાબાભાઈ લો જાય નિશાળે; મોટા સાહેબ થાશે કાલે.
લોકો એમને કરે સલામ; ખાશે પીસ્તાં આલુ બદામ.

તા. ૨૦-૫-'૭૬

□

# ગપ્પાંગાડી

ચકલી સાથે મોર છે;
ગપ્પાંનો બહુ શોર છે.
ગપ્પાંની છે લાંબી ગાડી;
પાછળ ઘોડો આગળ ગાડી.
આંગણામાંથી ચાલ્યાં ઝાડ;
ત્યાં આવીને બેઠાં પ્હાડ.
ઝાડને કોઈએ દીઠાં નહીં;
નદીઓનાં છે પીઠાં અહીં.


ઝાડની અંદર વાદળ છે;
ગામની અંદર પાદર છે.
પાદરમાં છે ચણાનાં ઝાડ;
તાડથી ઊંચી ચણાની વાડ.

ચણા મોટા નાળિયેર જેવા;
કીડી ઊંચકે ભારે એવા.
કીડીથી હલકા હાથીભાઈ;
માથામાં એ રાખે રાઈ.

રાઈનાં મોટાં એમાં ખેતર;
ચકલી મેના મોર ને તેતર.
મોરથી ચકલી ખૂબ મોટી;
ગપ્પાં સાચાં વાતો ખોટી.

તા. ૫-૧૨-'૭૭

□



# મારો ફોટો

લખોટી ને લખોટો;
મારો પડાવો ફોટો
મારો ફોટો નાનો નહીં;
પેલા દાદા જેવો ભઇ.
અક્કડ ફક્કડ હું બેસીશ;
કેમેરામાં ઝટ પેસીશ.
સૌ એને બસ જોયા કરે;
મારા પર સહુ મોહ્યા કરે.
એના પર ચડાવીશ હાર;
દાદાજીની હારોહાર.
ઘરડા ને બાળક બે સરખા;
હાર પ્હેરે તો લાગે સરખા.
ઘરડો થઈને દાદો થઈશ;
ત્યારે ક્યાંથી દેખતો હઈશ.
એટલે આજે ફોટો પડાવો;
દાદા જેટલો મોટો કરાવો.
બેઠો બેઠો જોયા કરીશ;
સૌને આશિષ દીધા કરીશ.

તા. ૨૫-૮-'૭૭

□

# તડકો

તડકાનો આ દરિયો...
પૃથ્વી જાણે પડીઓ...

સવાર થાય ને વરસે તડકો;
જાણે મોટી આગનો ભડકો.

ભડકાથી આ ભરીઓ...
તડકાનો આ દરિયો...

સાંજ પડે ને મુંઝાઈ જાતો;
રાત પડે ને સુકાઈ જાતો.

તડકાનો આ દરિયો...
પૃથ્વી જાણે પડીઓ...

. ૨૪-૨-'૭૯

□

# વિચાર

એક બે ત્રણ ચાર;
બેઠાં બેઠાં કરો વિચાર.
વિચાર કરતાં આવે ઊંઘ;
ગોળમટોળ મોટી દુંદ.

દુંદ ઉપર ચાલે કીડી;
એ તો ચડે વિના સીડી;
સીડી મૂકી ચાંદો લાવો;
ચાંદાને ઘરમાં લટકાવો.

ઘરમાં પછી થાય અજવાળું;
એમાં પછી કરશું વાળું,
વાળુ કરી સૂવા જાશું;
સૂતાં સૂતાં સપને જાશું.

સપનામાં ભઈ આવે પરી;
પરીને હોય પાંખો ખરી.
પાંખો હોય તો ઊડી શકાય;
ઊડતાં ઊડતાં ઊંચે જવાય.

ઊંચે જઈ તારાને મળશું;
તારા સાથે વાતે ભળશું.
વાતો કરી રમ્મત રમશું;
દુનિયા આખી સાથે ભમશું.

ભમતાં ભમતાં ઘરે જાશું;
ઘરે જઈને ખૂબ ખાશું.
ખાતાં ખાતાં કરશું વાતો;
વાતોની પણ કેટલી જાતો.

જાતજાતનાં ભોજન જાણે;
નીંદર પછી સૂવા તાણે;
વાતોમાં ના ધ્યાન અપાય;
વાતો કરતાં ઊંઘી જવાય.

તા. ૨૪-૨-'૭૯

□

# દાદાજી ને દાદીમા

તપેલાં ને તપેલી આ થાળી ને વાડકા;
દાદીજી ને દાદીમાનાં અમે ઘણાં લાડકા.

દાદામા છે વ્હાલાં મને બંટાગોળી આપે;
શિયાળામાં સઘડી પાસે બેસી એતો તાપે.

નાનાં અમથાં ખાયણી પરાય
એમાં સઘળું ખાંડે;
ઠક ઠક ઠીન ઠીન કરતાં કરતાં
જુની વાતો માંડે.

દાદાજીની આંગળી પકડી રોજ ફરવા જાતો;
રાતે એમની પાસે સૂતો રોજ કહેતાં વાતો.

રાજારાણી ઊડતો ઘોડો
પરી ને આવે ભૂત;
ડોશી ડાકણ કુંવર આવે
આવે દેવના દૂત.

સૂણતાં સૂણતાં ઊંઘતાં ઊંઘતાં સપનાં જોઉં સુંદર;
વાઘ ને સિંહની સામે પેલો લડતો બહાદૂર ઉંદર.

એવાં મારાં દાદી ને એવા મારા દાદા;
આખું એમનું મોઢું કપડાં એમનાં સાદાં.

તપેલાં ને તપેલી આ થાળી ને વાડકા;
દાદાજી ને દાદીમાનાં અમે ઘણાં લાડકાં.

તા. ૩૧-૭-'૭૭

□



# ચકલી મારે ચાંચો

ચકલી મારે ચાંચો
ચોપડીઓને વાંચો.
ચોપડીઓમાં અક્ષર;
અક્ષરોનું લશ્કર.

વાંચો તો બહુ મજા પડે;
ઝાડ ઉપરથી કેરી પડે.
આંખોમાં આંબાને વાવો;
રસને પૂરી ખાવા આવો.

ઉનાળાની રજા પડી;
કેરીઓને ભારે પડી.
ભાર વગરનો ગધેડો;
અહીંથી એને ખદેડો.

કૂદતો ચાલે કાગડો;
હનુમાનનો આકડો.
આકડાને આવ્યાં ફૂલ;
ભણતાં ભણતાં પડી ભૂલ.

ભૂલ પડે તો ફરી વાંચો;
નહી તો લોકો કહેશે રોંચો.

તા. ૧૮-૨-'૭૯

□

# ફોરમ

ફૂલફટાક થઈને ફોરમ ફરતી ફૂંજે...
ભમરાની ટોળી સંગાથે કોરસમાં કૈં ગૂંજે...

ફાગણ મહીનો
ઋતુ ઋતુનો આસવ;
ફૂલો એનો
પથરાએલો પાલવ.

છાક ચડે છે મનને મારા આસવ પુંજે પુંજે...
ભમરાની ટોળી સંગાથે કોરસમાં કૈં ગૂંજે...

પતંગિયાંને
ટપલી મારી ભાગે;
ઝાકળમાં
પોઢેલાં કિરણો જાગે.

રાત દિવસની ધમ્માચકડી કરતી કુંજનિકુંજે...
ભમરાની ટોળી સંગાથે કોરસમાં કૈં ગૂંજે...

તા. ૧૩-૪-'૭૭

□

# ઈકડમ તિકડમ

ઈકડમ તિકડમ સાંજ પડી;
ભાઈબંદીમાં ઘાંચ પડી.
બેબી બ્હેન તો મૂંગા છે;
શબ્દો નાગા પૂગા છે.

શબ્દોને કોઈ ફેંકે નહીં;
શબ્દો પર કોઈ હિંચકે નહીં.
રમેશ હિતેશ બેઠા છે;
જાણે મૂંગાં ઘેટાં છે.

કોઈ આવીને લંગર નાખો;
બેબી બ્હેનનો ગુસ્સો ચાખો.

રમતી ભમતી આવે હીતા;
સાથે ગાતી આવે ગીતા.

ચાલો, ચાલો, રમ્મત રમીએ;
ગીતકડીની ગમ્મત કરીએ.
બેબી બ્હેનનો પહેલો વારો;
જલ્દી જલ્દી બોલવા માંડો.

હીતા બોલી ગલી કરે;
બેબી બ્હેન લો હસી પડે.

તા. ૨૫-૪-'૭૬

□



# હીંટાં હીંટાં ફેંકી દ્યો

અબરખ પીપળી ચબરક કાન;
નાગરવેલનું તોડ્યું પાન.
પાનમાં તમે કાથો નાખો;
જોઈએ તેટલી વાતો નાખો.

વાતોનાં તો થાય વડાં;
કોનાં લાવ્યો કોણ કડાં?
કડાં કડાં હું પહેરું;
કોણ બોલ્યું એ હું પહેરું?

પહેરું પહેરું કરીએ નહીં;
બોલતાં બોલતાં ફરીએ નહીં.
ફરતાં ફરતાં પડી જવાય.
ઘરમાં બેસી કઢી ખવાય.

કઢીમાં લીમડાનાં પાન;
નાગરવેલનું તોડ્યું પાન.
પાન પાન ખાઈ જઈ,
હીંટા દીંટાં ફેંકી દ્યો.

તા. ૯-૫-'૭૬

□

# ઢીંટાં ઢીંટાં ફેંકી દો

અબરખ પીપળી ચબરક કાન;
નાગરવેલનું તોડ્યું પાન.
પાનમાં તમે કાથો નાખો;
જોઈએ તેટલી વાતો નાખો.

વાતોનાં તો થાય વડાં;
કોનાં લાવ્યો કોણ કડાં?
કડાં કડાં હું પહેરું;
કોણ બોલ્યું એ હું પહેરું?

પહેરું પહેરું કરીએ નહીં;
બોલતાં બોલતાં ફરીએ નહીં.
ફરતાં ફરતાં પડી જવાય.
ઘરમાં બેસી કઢી ખવાય.

કઢીમાં લીમડાનાં પાન;
નાગરવેલનું તોડ્યું પાન.
પાન પાન ખાઈ જઈ,
ઢીંટા ઢીંટાં ફેંકી દો.

તા. ૯-૫-'૭૬

# મારી ગાડી

ઊંચા નીચા રસ્તા ઉપર ચાલે ઘોડાગાડી;
આગળ દોડે મારી ગાડી સૌ રહેતા પછવાડી.
મેઘધનુના પૂલ ઉપર થઈ ચાલી જાય સવારી;
અરબી ઘોડા પાણીપંથા શું ઝડપ છે ભારી.

ફરતાં ફરતાં સાંજ ગઈ ને રાત પડી ગઈ કાળી;
ટમટમ કરતા તારા આવી દેવા લાગે તાળી.
પૂર ઝડપથી દોડે ઘોડા તારા પાછળ રહેતા;
'ઊભા રહો એ ઊભા રહો' એ બૂમો પાડી કહેતા.

સમય નથી કૈં મારી પાસે વાતો ક્યાંથી કરવી?
ભણવાનું છે બાકી તેથી ભાગંભાગી કરવી
'ઝડપ વધારો, ઝડપ વધારો મારા અરબી ઘોડા;
રાહ જુએ છે મમ્મી મારી નથી પડવું મોડા.

કાલે પાછા ફરી નીકળશું દુનિયા ઘૂમી વળશું,
નવા તારકો, નવા ચંદ્રમા, નવા ગગનને મળશું.

તા. ૫-૫-'૭૬